# ગાંધીધામમાં કાર્યસ્થળે અકસ્માત, ઈજાઓ નિવારવા અંગે માર્ગદર્શન




## ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશને સેમિનાર યોજ્યો

। ભુજ ।

ગાંધીધામમાં ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ ગવર્નમેન્ટ ઓફ ગુજરાત, ડિવાઈન લાઈફ હોસ્પિટલ-આદિપુર, મેડીએઈડ હેલ્થકેર, ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન, વાગડ વેલ્ફેર હોસ્પિટલ-ભચાઉ અને નોલેજ પાટનગર લાઈફલાઈન ફાઉન્ડેશનના ઉપક્રમે 'Industrial Emergencies' વિષય પર સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં કામદારોને શિક્ષણ આપવું, કાર્યસ્થળે અકસ્માત, ઈજાઓ ઘટાડવી, કંપનીઓ, કર્મચારીઓને ખર્ચાળ કાનૂની લડાઈઓથી બચાવવા વગેરે અંગે માર્ગદર્શન અપાયું હતું. ત્યારબાદ યોજાયેલા પરિસંવાદમાં ઓક્યુપેશનલ સલામતીના મુદ્દાઓ અને વ્યવસાયિક જોખમો વિશેની જાગૃતિનું અંતર ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો. સેમિનામાં ડિરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ ગવર્મેન્ટ ઓફ ગુજરાતના પી.એમ. શાહ તેમજ નિમેષ ફડકે, તલકશી નંદુ, મુખ્ય વક્તા સુબ્રતો દાસ, ઈશા પોપટ, મૌલિક પટેલ, બી.વી. ભારથી, કનક ડેર, શરદ ભાટિયા, મોટી સંખ્યામાં ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા લોકો હાજર રહ્યા હતા. શરૂઆતમાં શીતલ ખોટે સર્વેને આવકાર્યા હતા. જિગર વી. મકવાણા, જિજ્ઞેશ નાઈએ વ્યવસ્થા સંભાળી હતી. સંચાલન રાધિકા ઠક્કરે, આભારવિધિ પ્રમોદસિંહ અને શીતલ ત્રેવડિયાએ કરી હતી.

Scanned by CamScanner